ઇ-મેઇલ દ્વારા

# ગુજરાત સરકાર

ક્રમાંક- હદપ/૧૦૨૧/૭૯૫/મ
બ્લોક નં-૨/૧,ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા- - 2 NOV 2021

પ્રતિ,

તમામ પોલિસ કમિશ્નરશ્રી

તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી

તમામ પોલીસ અધિક્ષકશ્રી

વિષય : **જર્ની લાયસન્સ સમયમર્યાદામાં આપવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગે જણાવવાનુ કે, અત્રે હથિયાર પરવાનાનો હદવિસ્તાર ગુજરાત ઉપરાંત અન્ય રાજ્ય માટે વધારવા બાબતની માંગણી માટે આવતી દરખાસ્તોમાં કેટલાક પરવાનેદારોએ તેમની અરજીમાં જણાવેલ છે કે, જ્યારે તેઓને ગુજરાત બહાર તેઓના કામ/ધંધાર્થે મુસાફરી કરવાની થતી હોય ત્યારે તેઓ દ્વારા જર્ની પરમીટ મેળવવા સબંધીત સક્ષમ લાયસન્સિંગ ઓથોરીટીને અરજી કરવામાં આવે છે. તેઓની જર્ની પરમીટ અંગેની અરજી પર અત્યંત વિલંબથી નિર્ણય લેવામાં આવે છે. ઉપરાંત, આકસ્મિક સંજોગોમાં રાજ્ય બહાર જવાનું થાય ત્યારે કારણ જણાવવા છતાં પણ, જર્ની પરમીટ તુરંત જ કાઢી આપવામાં આવતી નથી.આ સંજોગોમાં, જર્ની પરમીટ કઢાવવાની વિધીમાંથી બચવા માટે પરવાનેધારકો All India Permit લેવાનો આગ્રહ રાખે છે.

All India Permit આપ્યા બાદ જાહેર સલામતી અંગે શસ્ત્રની હેરાફેરી પર રાજ્યની પોલીસની કોઇ ભૂમિકા રહેતી નથી કે ટ્રેક પણ રહેતો નથી. આ સંજોગોમાં, સલામતીની રીતે તે અત્યંત જરૂરી છે કે, All India Permit ન આપતા પરવાનેદારને ગણતરીના કલાકોમાં જ તે જ્યારે પણ જર્ની પરમીટ માંગે ત્યારે આપવામાં આવે અને તેના રજીસ્ટર મોબાઇલ પર તેને CP/DM કચેરી દ્વારા જર્ની પરમીટની અરજી પર લેવાયેલ નિર્ણયની જાણ કરવી જોઇએ. જેથી તેઓ રૂબરૂ આવી જર્ની પરમીટ મેળવી શકે.

જ્યારે પરવાનેદારને લાયસન્સ આપવામાં આવેલ હોય અથવા રીન્યુઅલ વખતે તમામ બાબતોની ચકાસણી થઇ ગયેલ હોય, ત્યારબાદ જર્ની પરમીટ આપતી વખતે આ બાબતે સ્ટેશન ઇન્ચાર્જ (SHO)નો અભિપ્રાય મેળવવાના સ્થાને ઇ-ગુજકોપના આધારે ગુનાની માહિતી મેળવી, તે અંગે જરૂરી ચકાસણી કરી જર્ની પરમીટની અરજી પર ત્વરીત નિર્ણય લેવો જોઇએ.

આર્મ્સ રૂલ્સ, ૨૦૧૬ના નિયમ નં ૧૬(૨) મુજબ લાયસન્સિંગ ઓથોરીટી દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓની સમયમર્યાદા શિડ્યુલ-Vમાં દર્શાવેલ છે જે મુજબ જર્ની પરમીટની કામગીરી નિયત સમય મર્યાદામાં પુરી પાડવાની હોય છે.

આમ, તમામ લાયસન્સિંગ ઓથોરીટી દ્વારા આર્મ્સ રૂલ્સ, ૨૦૧૬ના નિયમ નં ૧૬(૨) મુજબ શિડ્યુલ-V ના **ક્રમ નં.૧૨ મુજબ હથિયાર પરવાનેદારોને જર્ની પરમીટ આપવા બાબતની સેવા લાયસન્સિંગ ઓથોરીટી દ્વારા દિન-૨ માં અચુક** પુરી પાડવાની હોય છે. આ નિયમોનો ભંગ ન થાય તે જોવા આથી તમામને જણાવવામાં આવે છે.આ સાથે શિડ્યુલ-V ની નકલ સામેલ છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ (ક.ગ)
ગૃહ વિભાગ

નકલ રવાના:

(૧) શાખા સિલેક્ટ ફાઇલ

(૨) સેકશન અધિકારી, IT સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
ઉક્ત પત્રને વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.

| | | | |
|---|---|---|---|
| 6. | II, III, IV | Transfer of firearms(s) to legal heir under rule 25 *(for each firearm)* | 1000 |
| 7. | II, III, V | Change of particulars of 'responsible person' under rule 22(4) by companies | 1000 |
| 8. | All | Correction of information in licence under rule 33 | 500 |
| 9. | All | Grant of NOC under rule 98 | 500 |
| 10. | II,III,IV,V | Licence book | 100 |
| 11. | All | Any other service not mentioned above | 500 |

**SCHEDULE V**

***(See rule 16)***

**Prescribed time limits for various services under the rules for licensing authorities under Schedule II**

| S.No. | Nature of Service | Rule No. | Prescribed Time Period |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| 1 | Police Verification | 14 | 30 days of the receipt of application |
| 2 | Grant or refusal of a licence | 13 | 60 days of the receipt of police report under rule 13 |
| 3 | Grant or refusal of additional licence | 20 | 30 days of the receipt of police report under rule 13 |
| 4 | Renewal of licence | 24 | 30 days of the receipt of police report under rule 13 |
| 5 | Endorsement of arms or ammunition on licence | 18 | 7 days of the receipt of application of endorsement of weapon |
| 6 | Registration of licensee by an outside licensing authority | 17 | 15 days of the receipt of application of registration by the new licensing authority |
| 7 | Addition/Deletion of weapon | 18 | 7 days of the receipt of application |
| 8 | Permission to sell a firearm | - | 3 days of the expiry of stipulated period under Section 5 |
| 9 | Extension of area validity of licence | 19 | 15 days of the receipt of application by the competent authority under Schedule II |
| 10 | Change of Address | 17 | 15 days of the receipt of application of registration by the licensing authority |
| 11 | Addition/deletion of retainer of companies | 22 | 7 days of the receipt of application |
| 12 | Grant of journey licence | - | 2 Working days of the receipt of application |
| 13 | Grant of transport licence | 96 | 2 Working days of the receipt of application |
| 14 | Grant of NOC | 98 | 2 Working days of the receipt of application |
| 15 | Issuance of duplicate booklet | 28 | 7 days of the receipt of application |
| 16 | Disposal of Appeals | 108 | 60 days of the receipt of appeal |
| 17 | Any other service not defined above | | 7 days of the receipt of application |

[No. V-11026/104/2014-Arms (Vol. III]

MUKESH MITTAL, Jt. Secy.

Uploaded by Dte. of Printing at Government of India Press, Ring Road, Mayapuri, New Delhi-110064
and Published by the Controller of Publications, Delhi-110054.